# સે. ૨ ૨માં શ્રેયસ સોસાયટીમાં જમીન બેસી જતાં ટ્રક ફસાયો

## ફસાયેલા મસમોટા ટ્રકને બહાર કાઢવા જેસીબીની મદદ લેવી પડી : તંત્રની બેદરકારીને કારણે ચોમાસામાં શહેરીજનોએ સાવચેતી રાખવી પડશેઃ ખોદકામ બાદ કરાયેલા અપુરતા માટી પુરાણને કારણે ગમે ત્યારે જમીન દબાઈ જતા વાહનો ફસાઈ જવાની શક્યતાઓ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં અત્યારે ઠેર ઠેર નવી ગટર લાઈન નાંખવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે જેના માટે કરવામાં આવતા ખોદકામ બાદ પુરાણની કામગીરીમાં બેદરકારી જોવા મળે છે. માટી પુરાણમાં ઘોર બેદરકારીને પરિણામે અનેક સ્થળો ઉપર જમીન દબાઈ જતાં વાહનો ફસાઈ જવાના બનાવો બનતા રહે છે. તાજેતરમાં સરગાસણ પાસે અમુલ કંપનીનો એક ટ્રક ફસાઈ જવા પામ્યો હતો તે સમાચારની સ્મૃતિપટ ઉપર અંકિત થયેલી છાપ ભુંસાય એ પહેલા જ સેક્ટર - ૨ ૨માં શ્રેયસ સોસાયટી ખાતે પણ આવો જ એક બનાવ બનવા પામતાં વસાહતીઓમાં માટી પુરાણની કામગીરીમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.





સેક્ટર-૨ ૨માં શ્રેયસ સોસાયટી ખાતે ખોદકામ બાદ યોગ્ય પુરાણ નહીં કરાયું હોવાથી આજે એક મસમોટો ટ્રક પસાર થતી વખતે જમીન બેસી જવાથી ફસાઈ ગયો હતો. આ ટ્રક ફસાઈને ત્રાંસો થઈ જતાં આસપાસના વાહનચાલકોના અને વસાહતીઓનાં પણ જીવ તાળવે ચોંટયા હતા. આ ટ્રકને જેસીબી દ્વારા ખેંચીને બહાર કાઢવો પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નેજા હેઠળ વિવિધ વિકાસ કાર્યો અંતર્ગત અનેક સ્થળો ઉપર ખોદકામ કરવામાં આવી રહ્યા છે જે પૈકી નવી ગટર લાઈન નાંખવા માટે પણ શહેરના અનેક ભાગોમાં ખોદકામ હાથ ધરવામાં આવ્યું છે. આ ખોદકામ બાદ કામકાજ પૂર્ણ થઈ જતાં તેમાં માટી પુરાણ યોગ્ય રીતે કરવું અત્યંત જરૂરી હોય છે.

જો કે, આવા ઊંડા ખાડાના માટી પુરાણમાં બેદરકારી રાખવામાં આવતી હોવાનું જોવા મળી રહ્યું છે. જેના કારણે અનેક સ્થળો ઉપર જમીન બેસી જતા ખાડા પડી રહ્યા છે. આવી જ રીતે ગાંધીનગર શ્રેયસ સોસાયટીમાં એક ટ્રક ફસાઈ જતા તેને બહાર ખેંચી કાઢવા માટે જેસીબીની મદદ લેવી પડી હતી. જોકે જેસીબીની મદદથી ખેંચી કાઢવામાં આવેલા ટ્રક પછી પણ ખાડાઓ યથાવત રહેતા આસપાસના વસાહતીઓ માટે અત્યંત જોખમી પુરવાર થઈ શકે એમ છે. આ ખાડાઓ ક્યારેક કોઈ રાહદારી કે વાહન ચાલકનો ભોગ લઈ લે એ પહેલા તંત્ર કુંભકર્ણ નિદ્રામાંથી જાગૃત થાય તેવી વસાહતીઓની માંગણી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના વસાહતીઓ અત્યંત ખરાબ હાડમારી ભોગવી રહ્યા હોવા છતાં તંત્ર દ્વારા અવગણના કરવામાં આવી રહી છે.

## સંસ્કૃત દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૦

આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તા.૩૦ જૂન, ગુરુવારે,સાંજે૬ કલાકે, રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે 'આષાઢસ્ય પ્રથમ દિવસે' શીર્ષક હેઠળ મહાકવિ કાલિદાસ કૃત 'મેઘદૂતમ'ની પ્રસ્તુતિ નૃત્યનાટિકા રૂપે થઈ. દીપ પ્રાગટ્ય નૃત્યનાટિકા પહેલાં કવિ ભાગ્યેશ જહાએ મેઘદૂતમ્ વિશે પ્રાસ્તાવિક ભૂમિકા રજૂ કરી. જાણીતા નૃત્યકલાકાર નિરાલી ઠાકોર અને નૃત્યભારતી પર્ફોર્મિંગ આર્ટ્સના કલાકારોએ અભિનય કર્યો. જાણીતા નૃત્ય નિર્દેશક ચંદન ઠાકોરે નૃત્યનાટિકાનું નિર્દેશન કર્યું. સાહિત્યકાર સતીશ વ્યાસ, સંગીત નાટક અકાદમીના સભ્યસચિવ પી.જી. પટેલ, કવિ ભાગ્યેશ જહા દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ.

કવિ ભાગ્યેશ જહાએ મેઘદૂતમ વિશે પ્રસ્તાવિક વક્તવ્ય આપ્યું. આ પ્રસંગે સંસ્કૃત સાહિત્યકારો અને સંસ્કૃતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી ન્હોતી.

## આજે વાવોલમાં ધામધૂમથી રથયાત્રા નિકળશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં તા.૧લી જુલાઈ શુક્રવારના રોજ અષાઢી બીજના પાવન પર્વે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વાવોલમાં સાઈબાબા મંદિર ખાતેથી ભગવાનની આરતી કરાયાં બાદ રથયાત્રા પ્રસ્થાન કરશે જે વાવોલના સોસાયટી તથા ગામતળના વિવિધ વિસ્તારોમાં પરિભ્રમણ કરશે. રથયાત્રા બપોરે હરિનગર સોસાયટી ખાતે મોસાળમાં ભોજન પ્રસાદી બાદ વિશ્રામ કરીને પછી પુનઃ પ્રયાણ કરશે.

વાવોલમાં સાંઈબાબા મંદિરે સવારે ૭ કલાકે રથમાં આરૂઢ ભગવાન જગન્નાથની આરતી ઉતાર્યા બાદ રથયાત્રા પ્રસ્થાન કરશે જે શાંતિનગર શોપિંગ સેન્ટર, પેટ્રોલપંપ, નારાયણનગર, સંગાથ લાઈફ, ગોકુલપુરા, દ્વારકેશ, વૈદેહી-૨, શાંતિ ઉપવન, શિવેશ, સિદ્ધાર્થ બંગલો, સહજાનંદ, શાલ્વિક હોમ્સ, શુભમ, કેશવપાર્ક, શિવેશ-૧૮૨, વૈદેહી-૧, વૈદેહી એલિગન્સ, સાર્થક સફલ, અનસ્યા ગ્રીન, શાલીન-૨, શારદા થઈને સ્પેન્ટા, વિજય, મિહિર પાર્ક ખાતે ૧૦.૪૦કલાકે પંહોચશે. અહીંથી તુલસી બંગલો, તુલસી ફ્લેટ, એન-૫૪, શાલીન-૬, સંકલ્પ રોયલ, શાલીન ૩,૪,૫ થઈને કિર્તિધામ, નીલકંઠ વિલા, ચંદ્રલોક, બ્લુ બેલ્સ, શાલ્વિક શુકન, સંકલ રેસિડેન્સિ થઈને ૧૨.૨૦ કલાકે યુવા ચોક ખાતે પંહોચશે જ્યાંથી ભૂમિ પાર્ક, લાભ થઈને બરાબર ૧ કલાકે હરિનગર મોસાળમાં પંહોચી ભોજન પ્રસાદી બાદ વિશ્રામ કરશે. વિશ્રામ બાદ રથયાત્રા ૩ કલાકે પુનઃ પ્રસ્થાન કરશે જે રાવળવાસ, પંચાયત, સેન્ટ્રલ બેંક, રામાપીર મંદીર, માંડવી ચોક, ભાગોળ, શોપિંગ સેન્ટર, શનિદેવ મંદિર, જલદર્શન, અંકુર એપાર્ટમેન્ટથી ૪.૩૦ કલાકે કુબેરનગર જઈને ૫ કલાકે દેવ ઈન્ટરનેશનલ સ્કૂલથી પરત નિજ મંદિરે પંહોચશે. આ રથયાત્રાના સમગ્ર રૂટ દરમ્યાન જુદી જુદી સોસાયટીઓ દ્વારા ઠેર ઠેર સ્વાગત કરાશે.

## ભાષા નિયામકની કચેરી દ્વારા ગુજરાતી ભાષાની પરીક્ષા મૌકુફ

ગાંધીનગર, તા. ૩૦

ભાષા નિયામકની કચેરી દ્વારા આગામી તા. ૫, ૬, ૭ અને ૮ જુલાઈના રોજ આયોજિત ગુજરાતી ભાષાની પરીક્ષા હાલ પૂરતી મોકૂફ રખાઈ.


રાજ્ય સરકારમાં ફરજ બજાવતા અધિકારી-કર્માચારીઓ માટે ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી ગુજરાતી ભાષાની ઉચ્ચ, નિમ્ન અને બોલચાલ શ્રેણીની પરીક્ષાનું અનુક્રમે તારીખ ૫, ૬, ૭ અને ૮ જુલાઈ-૨૦૨૨ના રોજ ગુજરાત જલ સેવા સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે હાલપૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મોકૂફ રખાયેલ આ પરીક્ષા આગામી સમયમાં યોજાશે, જેની તારીખ નક્કી થયેથી તેનો વિગતવાર કાર્યક્રમ ભાષા નિયામકની કચેરીની વેબ-સાઈટ www.dol.gujarat.gov.in ઉપર જાહેર કરવામાં આવશે તેમ ભાષા નિયામકશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## 'આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન' વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે તેમના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ચાલી રહી છે.




'સૌના ભલામાં આપણું ભલું' એવી જીવન ભાવના સાથે ભારતીય સંસ્કૃતિના પ્રંચડ ઉદઘોષ કરવાના કાર્યથી લઈને આદિવાસી ઉત્કર્ષ માટે ૧૯૭૨થી જીવનપર્યંત ગુજરાતના ડુંગરાળ અને આદિવાસી પ્રદેશોમાં, અંતરિયાળ ગામોમાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને સત્સંગ મંડળોની સ્થાપના દ્વારા પ્રમુખસ્વામી મહારાજે આદિવાસી ભાઈઓનાં જીવન આમૂલ પલટી નાખ્યાં છે. વહેમ અને વ્યસનોની ચુંગાલમાંથી છોડાવી સદાચારી બનાવ્યા છે. જીવનમાં કલહ-કંકાસના સ્થાને આજે ભક્તિની મધુર ગીત સરવાણીથી ગુંજતા કર્યા છે. તેમણે કરેલાં આવાં કંઈ કેટલાય આદિવાસી સંસ્કાર ગંગાના ઉત્કર્ષના અદ્વિતીય પ્રદાનને લક્ષ્યમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનનું પ્રદાન" એ વિષય પર તા.૨૯-૬-૨૦૨૨ના રોજ ચાણક્ય હોલ, ખાતે બપોરે ૧ થી સાંજે ૪.૪૫ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વક્તા તરીકે બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના વેદાંતાચાર્ય પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સુરતના પૂ. ઉત્તમપ્રકાશદાસ સ્વામી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યાક્ષ ડૉ. પૂ. આત્મતૃપ્તદાસ સ્વામી તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં.

પૂ. જ્ઞાનનયનદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વનો પરિચય આપતા જણાવ્યું કે તેમણે ૧૧૦૦ કરતાં વધારે મંદિરો બનાવી તેના દ્વારા સાંસ્કૃતિક કાર્યો જીવંત રાખ્યા છે. સાથે-સાથે ગામડે-ગામડે ઝૂંપડે-ઝૂંપડે અંતરીયાળ ૧૭ હજાર ગામડાઓમાં વિચરણ કરી ૨.૫ લાખ ઘરમાં પધરામણી કરી છે. ૭ લાખ ૬૦ હજાર પત્રો વાંચી તેના ઉત્તરો આપી તેમને માર્ગદર્શન આપ્યાં છે.

## ગુજરાતની ગૌરવ સિદ્ધિમાં વધુ એક સિમાચિન્હ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેન્કીંગમાં ગુજરાત ટોપ

### ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ-DPIIT એ સૂચવેલા ૩૦૧ રિફોર્મ્સનું ૧૦૦ ટકા પાલન કરનારા બે રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ

ગાંધીનગર, તા. ૩૦

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા બિઝનેસ રિફોર્મ્સ એક્શન પ્લાન BRAP 2020ના જાહેર થયેલા રેકીંગમાં ગુજરાતે ટોપ એચીવર સ્ટેટ તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯૦ ટકાથી વધુ ફિડબેક સ્કોર સાથે ગુજરાતે દેશમાં દ્વિતીય ક્રમ મેળવ્યો છે.

કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્માલા સિતારમણે આ BRAP 2020 રેકિંગ જાહેર કર્યા છે તેમાં DPIIT એ સૂચવેલા ૩૦૧ જેટલા રિફોર્મ્સના ૧૦૦ ટકા પાલનમાં દેશના માત્ર બે રાજ્યો પૈકીનું એક રાજ્ય ગુજરાત બન્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ આપવા સાથે મેઈક ઈન ઈન્ડીયાને પણ પ્રોત્સાહન આપવાની નેમથી નિયમોમાં સુધારણાને પ્રાધાન્ય આપેલું છે.

આત્મનિર્ભર ભારતની તેમની સંકલ્પના સાકાર કરવા નિયમોના સરળીકરણથી રોકાણોને પ્રોત્સાહનો અને ઉત્પાદકતાને સહયોગ આપવા પર કેન્દ્ર સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

આ હેતુસર ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ DPIIT ની BRAP પાંચમી આવૃતિમાં દેશના રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૩૦૧ જેટલા રિફોર્મ્સ સૂચવવામાં આવેલા હતા.

૧૫ જેટલા ક્ષેત્રોને આવરી લેતા આ ૩૦૧ રિફોર્મ્સમાં રોકાણ સક્ષમતા, ઓનલાઈન સિંગલ વિન્ડો સિસ્ટમ, શ્રમિક નિયમન સક્ષમતા, વાણિજ્યીક વિવાદ-લવાદનું નિવારણ વગેરે વિષયોનો સમાવેશ થાય છે.

ગુજરાતે આ બધી બાબતોના ૧૦૦ ટકા પાલનથી DPIITના ૩૦૧ રિફોર્મ્સના અમલ કરનારા દેશના બે રાજ્યોમાં પોતાનું સ્થાન અંકિત કર્યુ છે.

## રથયાત્રામાં જડબેસલાક બંદોબસ્ત, ચહેરાઓની કેમેરાથી ચોકી કરાશે

અમદાવાદ,

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રામાં શ્રદ્ધાળુઓની શ્રદ્ધા સાથે પોલીસની ત્રીલેયર સુરક્ષા પણ દેખાશે. પ્રથમ વખત રથયાત્રામાં પોલીસ દ્વારા હવાઈ સુરક્ષા માટે હેલિકોપ્ટરથી સર્વેલન્સ કરવામાં આવશે. આ ઉપરાંત જમીની હકીકત અને સર્વેલન્સ માટે ફેસ ડિટેક્ટર કેમરા પણ લગાવવામાં આવ્યા છે. પ્રથમ વખત આ પ્રકારનાની ટેકનોલોજી સાથેનો સર્વેલન્સનો ઉપયોગ રથયાત્રામાં દરમિયાન કરવામાં આવશે. જેથી આ રથયાત્રા પોલીસ બંદોબસ્ત અને સુરક્ષાની દ્રષ્ટીએ ઐતિહાસિક છે. આ કેમેરામાં ૫૦ હજારથી પણ વધુ ક્રિમિનલ રેકોર્ડ ધરાવનાર શખ્સોનો ડેટા અપડેટ કરવામાં આવ્યો છે. આ ડેટા આધારે મંદિરમાં કે આસપાસ પ્રવેશ લેતાં ગુનાહિત માનસિકતા ધરાવતા કે પોકેટમાર શખ્સોને ૯ સેકન્ડમાં કેમેરા દ્વારા ડિટેક્ટ કરવામાં આવશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

**રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૪ કરોડ જનસંખ્યાને જુલાઈ-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી**

**જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જુલાઈ મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૦૭.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.**
**NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને કેરોસીનના મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે**

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૭ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૮ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

**રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકામાં આવેલા NFSA હેઠળ સમાવિષ્ટ રેશનકાર્ડ ધારકોને જુલાઈ-૨૦૨૨થી પ્રતિકુટુંબ ૧ કિ.ગ્રા. ચણા રૂ.૩૦/-ના રાહત ભાવથી મળવાપાત્ર થશે જેનું વિતરણ તા.૧૬.૦૭.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે**

**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**

રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ તથા અમદાવાદ શહેરમાં NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૬.૦૭.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે



| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

**વન નેશન, વન રેશનકાર્ડ યોજના**

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

MY RATION Mobile Application

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.